ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી



## ધરમપુર રોડ પર કાર અડફેટે બાઈકચાલક યુવકનું મોત

વલસાડઃ વલસાડ-ધરમપુર રોડ પર વાંકલ ગામે એક કારચાલકે અડફેટે લેતાં બાઈકચાલક યુવકનું મોત નીપજ્યું હતું. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ કપરાડાના ધાણવેરી ઉંબરપાડા ગામે રહેતો સંજય બાળુ ભોયે તેના ધરમપુરમાં રહેતા મિત્ર પંકજ છના ભોયા સાથે સવારે દમણ ગયો હતો. ત્યાંથી પરત થતો હતો, ત્યારે વાંકલ ગામે તેની બાઈકને એક કારે ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં સંજયને શરીરે ગંભીર ઈજા પહોંચતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતુ. ત્યારે આ સંદર્ભે તેના પિતા બાળુભાઈએ રૂરલ પોલીસમથકે કારચાલક અજય બચુ પટેલ વિરુદ્ધ ફરિયાદ કરતાં પોલીસે બનાવ સંદર્ભે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# પૂર્ણા નદીનો બ્રિજ ફરી બંધ

**બસના** મુસાફરોને માથે વધુ બે મહિના આર્થિક બોજો

**ચાર** મહિનામાં ભારે વાહનોની અવરજવર માટે સક્ષમ મરામત થઈ નહીં તો હવે બીજા બે મહિનામાં થઈ જશે?



નવસારી : વડોદરાનો ગંભીરા બ્રિજ તુટી પડ્યા બાદ રાજ્યભરના બ્રિજોની ચકાસણી થયા બાદ નવસારી નજીક વિરાવળ પાસે પૂર્ણા નદી પર આવેલો બ્રિજ નબળો હોવાનું કારણ આગળ ધરી દઈને ભારે વાહનો માટે પ્રતિબંધીત કરી દેવાયો હતો. આ પ્રતિબંધને ચાર મહિના થઈ જવા છતાં તેની ભારે વાહનોની અવરજવર માટે સક્ષમ બનાવી શકાયો નથી, તો વધુ બે મહિનામાં શું તે ભારે વાહનોની અવરજવર થઈ શકે એવો મજબૂત થઈ શકશે ?

1978 માં બનેલો રાષ્ટ્રીય ધોરીમાર્ગ-64 કસ્બાપાર-વિરાવળ-નવસારી રોડ પર આવેલ પૂર્ણા નદી બ્રિજનું તાજેતરમાં વડોદરા જિલ્લામાં ગંભીરા બ્રિજ પર થયેલી હોનારતને ધ્યાનમાં લઈ ઈન્સ્પેક્શન ડિઝાઈન સર્કલ, ગાંધીનગરના અધિકારીની હાજરીમાં કરવામાં આવ્યું હતું. આ ઈન્સ્પેક્શનમાં બ્રીજનું ઈન્સ્પેક્શન કરતાં ડિઝાઈન સર્કલ, ગાંધીનગર દ્વારા આ બ્રિજ પૂવર કન્ડીશનમાં માલૂમ જણાતા સલામતીના ભાગરૂપે બ્રિજ ભારે વાહનો, એસ.ટી બસ તેમજ અન્ય તમામ હેવી મોટર વ્હીકલની અવરજવર પર પ્રતિબંધ મૂકી ફક્ત લાઈટ મોટર વ્હીકલ અને લાઈટ ઈમરજન્સી વ્હીકલ જેવા હળવા વજનના વાહનોની અવર-જવર ચાલુ રાખવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી યોગરાજસિંહ ઝાલાએ, કસ્બાપર-વિરાવળ-નવસારી રોડ પર આવેલો પૂર્ણા નદી બ્રિજ ઉપર ભારે કોમર્શિયલ વાહનોના અવર-જવર પર પહેલાં ત્રણ મહિના માટે એ પછી વધુ એક મહિના માટે પ્રતિબંધિત કર્યા બાદ હવે 13 જાન્યુઆરી 2026 સુધી પ્રતિબંધ ફરમાવામાં આવ્યો છે.

### છેલ્લા ચાર ચાર મહિના બાદ વધુ પ્રતિબંધ લંબાવાયો

આ બ્રિજ ભારે વાહનો માટે પ્રતિબંધિત કરી દીધા બાદ રસ્તા પર ડાયવર્ઝન આપવામાં આવ્યા છે. એ ડાયવર્ઝન મુજબ સુરત તથા સચિન (SH-6)થી નવસારી તરફ આવતા ભારે વાહનો મરોલી-વેસ્મા રોડ-ને.હા.નં.48 -ગ્રીડ થઈ શહેરમાં પ્રવેશ કરી શકશે. એ જ રીતે સુરત-સચિન તરફથી આવતા ભારે વાહનો કસ્બાપાર ત્રણરસ્તા -આમરી-ધોળાપીપળા-ને.હા. નં-48 - ગ્રીડ થઇ નવસારી શહેરમાં પ્રવેશ કરી શકશે. જ્યારે નવસારીથી સુરત તથા સચિન (SH-6) તરફ જતાં ભારે વાહનો સુરત, સચિન, તરફ જવા માટે વિવેકાનંદ સર્કલથી ગ્રીડ ને.હા.48 વેસ્માથી મરોલી રોડનો ઉપયોગ કરી સુરત તરફ જઈ શકશે. સુરત, સચિન તરફ જવા માટે- વિવેકાનંદ સર્કલથી ગ્રીડ ને.હા.૪૮ -ધોળાપીપળાથી આમરી-કસ્બાપાર ત્રણ રસ્તા થઈ સુરત તરફ જઈ શકશે. છેલ્લા ચાર ચાર મહિના બાદ વધુ બે મહિના માટે પ્રતિબંધ લંબાવાયો છે, ત્યારે સવાલ એ થાય કે જે સમારકામ ચાર મહિનામાં થયું નથી, તો હવે બે મહિનામાં વહીવટી તંત્ર આ બ્રિજનું સમારકામ કરી શકશે ખરું?

## સંક્ષિપ્ત સમાચાર

### ઊંડાચમાં સ્વજનની અંતિમયાત્રા બાદ ઘરે જતાં યુવાનનું અકસ્માતમાં મોત

બીલીમોરા : બીલીમોરાના ઉડાચ વાણીયા ફળિયાના કુંભારવાડમાં રહેતા ભાવિકભાઈ મહેશભાઈ લાડ (૨૯) કૌટુંબિક સ્વજનની આંતલીયા ગામે અંતિમયાત્રા બાદ પોતાના ઘરે હિરો હોન્ડ પેશન મો.સા. નં. GJ-21-D-3755 પર પરત ફરી રહ્યાં હતાં. દરમિયાન તેઓ આંતલીયાથી ઉડાચ તરફ જતા રાઘવ ફળીયા સ્કુલ પાસે પહોંચતા તેને મહેન્દ્રા કંપનીની બોલેરો ફોરવ્હીલર ગાડી નં. RJ-41-TA-1149 ના ચાલક રાહુલ નેમીચંદ બગડીયા (મુળ રહે. ઉમાડાગામ તા.દાતા રામગઢ જી.સિકર રાજસ્થાન હાલ રહે. નવસારી) પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી મોટરસાયકલ પર જઈ રહેલા ભાવિકભાઈ મહેશભાઈ લાડની હિરો હોન્ડ પેશન મો.સા. નં. GJ-21-D-3755 ને અથડાવી દેતા ભાવિકભાઈ માર્ગ પર નીચે પટકાયા હતા. આ અકસ્માતમાં ભવિકભાઈને માથાના ભાગે ગંભીર ઇજા તેમજ શરીરે નાની-મોટી ઇજા પહોંચી હતી. જ્યાં ત્યાંથી પસાર થઈ રહેલાં ભવિકભાઈના કૌટુંબિક ભાઈએ તુરંત ઘાયલ ભાવિકને સારવાર અર્થે કારમાં બેસાડી બીલીમોરા મેંગુશી હોસ્પિટલ ખાતે લાવ્યા હતા. જ્યાં ફરજ ઉપરના ડોક્ટરે ભાવિકભાઇને મરણ ગયેલા હોવાનું જણાવ્યું હતું. આ ઘટના અંગે મૃતક ભાવિકના સંબંધીએ બીલીમોરા પોલીસને જાણ કરતાં અકસ્માત કરનાર બોલેરો ફોરવ્હીલર ગાડી નં. RJ-41-TA-1149 ના ચાલક રાહુલ નેમીચંદ બગડીયા (મુળ રહે. ઉમાડાગામ) સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વાપી સ્કૂલમાં પીસ પોસ્ટર કોન્ટેસ્ટના વિજેતા વિદ્યાર્થીઓનું સન્માન

વાપી : વાપી સ્થિત સમર્પણ જ્ઞાન સ્કૂલમાં લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગીની દ્વારા વિજેતા સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે શાળામાં ૧૭ અલગ અલગ પ્રવૃતિઓ કરાવાઇ હતી. જેમાં ચિત્રકળામાં રસ ધરાવતા વિદ્યાર્થીઓએ પીસ પોસ્ટર કોન્ટેસ્ટમાં ભાગ લીધો હતો. આ વર્ષે સ્પર્ધાનું થીમ "Together As One" હતું. આ પ્રસંગે લાયન્સ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન મોનાબેન દેસાઈ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના હસ્તે વિજેતા ક્રિષા બિપીન પટેલને મેડલ તથા પ્રમાણપત્ર અર્પણ કરી શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં દર્શના તુર્કિયા, સ્કૂલ ફાઉન્ડર ટ્રસ્ટી અને લાયન પરિવારના પીવીએમસીસી લાયન મુકેશ પટેલ, સ્કૂલ ચેરપર્સન હિનાબેન પટેલ, લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગીનીના પ્રમુખ લાયન ચૈતાલી પાટિલ, દક્ષા પટેલ, લાયન પરિવારના સભ્યો, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ઝઘડાના સમાધાન માટે લઈ જઈ યુવકને માર મરાયો

વલસાડઃ વલસાડના છરવાડામાં રહેતા યુવાન અને તેના પિતરાઈને અન્ય ચાર યુવાન જૂના ઝઘડાનું સમાધાન કરવા કારમાં બેસાડી લીલાપોર લઇ ગયા હતા. ત્યાં તેને કારમાંથી ઉતારી લાકડા વડે માર મારતા મામલો વણસ્યો અને પોલીસમથકે પહોંચ્યો હતો. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડના છરવાડામાં રહેતો યશ રજનીકાંત પટેલ (ઉં.વ.29)ને તેના લીલાપોર મણીવીલા સોસાયટીમાં રહેતો ભાર્ગવ ભુપેન્દ્ર પટેલ તેના મિત્રો અભી પ્રકાશ પટેલ (રહે., સોનવાડા), નીલ પ્રવિણ પટેલ (રહે., ડુંગરી) અને મયુર (રહે., તીઘરા) સાથે કારમાં લઇ ગયો હતો. ભાર્ગવ યશને પોતાની સોસાયટીમાં લાવ્યો અને કારમાંથી ઉતારી ઢીકામુક્કીનો માર અને ત્યારબાદ લાકડા વડે માર મારવા લાગ્યો હતો. જેના કારણે યશ ઘાયલ થઇ ગયો હતો. આ દરમિયાન તેના ગામનો યુવાન ત્યાંથી પસાર થતો હોય તેણે ઝઘડો અટકાવ્યો, ત્યારે યશ બેહોશ થઇ ગયો હતો. જેને આસપાસના લોકો હોસ્પિટલ લઇ ગયા હતા. જ્યાં પોલીસે તેની ફરિયાદ લઇ ભાર્ગવ, અભી, નીલ અને મયુર વિરુદ્ધ ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરી હતી.

### દમણના સરલ પ્રજાપતિની ગુજરાત રણજી ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ માટે પસંદગી



વલસાડ : બીસીસીઆઈ દ્વારા આયોજિત ઓલ ઈન્ડિયા ચાર દિવસીય રણજી ટ્રોફી ટુર્નામેન્ટના પ્રથમ તબક્કાની ચાર મેચ સમાપ્ત થઈ ચૂકી છે. સ્પર્ધાની પાંચમી મેચ 16 નવેમ્બરથી શરૂ થશે, જેમાં દમણનો સરલ પ્રજાપતિ ગુજરાત ટીમનું પ્રતિનિધિત્વ કરશે. ગુજરાત દહેરાદૂનમાં ઉત્તરાખંડ સામે પાંચમી મેચ રમશે. સરલના કોચ ભગુ પટેલે સરલની પસંદગી પર ખુશી વ્યક્ત કરતા કહ્યું કે, સરલ એક ખૂબ જ સારો ડાબોડી સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર છે. જેણે ગુજરાત માટે અંડર 14, 16, 19, 23 અને 25 જેવા તમામ વય જૂથોમાં સારું પ્રદર્શન કર્યું છે. સમગ્ર ગુજરાતમાં એક સારા ક્રિકેટર તરીકે પોતાની ઓળખ બનાવી છે. બેટ અને બોલ બંનેથી સારું પ્રદર્શન કેવી રીતે કરવું તે ખૂબ સારી રીતે જાણે છે. સરલની પસંદગીથી દમણના ક્રિકેટ પ્રેમીઓ, સરલના ચાહકો, તેના પરિવારજનો અને દમણમાં ખુશીની લહેર દોડી ગઈ છે.

# સેલવાસની શાળાની બહાર વિદ્યાર્થીનો ફાંસો ખાઈ આપઘાત

**દિવાળી** વેકેશન બાદ શાળામાં વિદ્યાર્થીના વાલીઓ આવ્યા ત્યારે પુત્રએ વાતચીત પણ કરી હતી

**વિદ્યાર્થીએ** વર્ગખંડમાંથી બહાર આવી બાથરૂમ નજીક ઝાડ ઉપર ફાંસો ખાઈ આપઘાત કરી લીધો



વાપી : સંઘપ્રદેશ સેલવાસની એક શાળાની હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ વર્ગખંડની બહાર જઈ બાથરૂમ નજીક આવેલા ઝાડ ઉપર ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવને પગલે આ વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. બનાવની જાણ પોલીસને કરવામાં આવી હતી.

મળતી વિગત અનુસાર, સંઘપ્રદેશ દાદરા નગર હવેલીના સેલવાસ સ્થિત એક શાળાની હોસ્ટેલમાં અનેક વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે. જેમાં કરચોંડ ગામમાં રહેતો એક વિદ્યાર્થી પણ અભ્યાસ માટે આવ્યો હતો. દિવાળી વેકેશન બાદ શાળા શરૂ થઈ હતી અને રવિવારના રોજ શાળામાં વાલીઓની બેઠક પણ યોજાઈ હતી. ત્યારે વિદ્યાર્થીના માતા-પિતા પણ આવ્યા હતા. પુત્રએ સારી રીતે વાતચીત કરી હતી.

મંગળવારે સાંજના સમયે વિદ્યાર્થીએ વર્ગખંડમાંથી બહાર આવી બાથરૂમ નજીક આવેલા ઝાડ ઉપર કોઈક અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ઘટના ત્યારે સામે આવી જ્યારે અન્ય કોઈ વિદ્યાર્થી બાથરૂમ પાસે આવ્યો, ત્યારે તેણે આ દ્રશ્ય જોયું હતું અને તરત જ શાળા સંચાલકને વાત કરી હતી.

આ બનાવ બાદ તરત જ શાળા સંચાલકે આવી પહોંચી પોલીસ તથા 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. બનાવ સ્થળે પોલીસ અને 108 એમ્બ્યુલન્સ ટીમ આવી પહોંચી હતી અને તબીબે આ વિદ્યાર્થીને મૃત જાહેર કર્યો હતો.

વિદ્યાર્થીએ કયા કારણોસર આપઘાત કરી લીધો તે અકબંધ રહ્યું છે. હાલ આગળની કાર્યવાહી પોલીસ ટીમ કરી રહી છે.

## સરીગામની જમીન પર કબજો કરી પચાવી પાડનાર વિરુદ્ધ ફરિયાદ

ઉમરગામ : ઉમરગામ તાલુકાના સરીગામમાં આવેલી જમીન પર ગેરકાયદે કબજો કરી પચાવી પાડી હોવાની પાંચ જણા વિરુદ્ધ ભીલાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે. સરીગામ ત્રણ રસ્તા પાસે રહેતા હરીતકુમાર મહેન્દ્ર નાયકે રમણ લાહના પાગી, માલજી લાહના પાગી, મહેશ રમણ પાગી, શંકર લાહના પાગી અને મણીયા લાહના પાગી (તમામ રહે સરીગામ વાડિયાપાડા) વિરુદ્ધ એવી પોલીસ ફરિયાદ નોંધાવી છે કે અરજદારની સરીગામ ખાતે આવેલી ખાતા નંબર 365 સરવે નંબર 725 ક્ષેત્રફળ 02-02-02, સરવે નંબર 731 ક્ષેત્રફળ 0-55-83, સરવે નંબર 827 ક્ષેત્રફળ 0-90-61, સરવે નંબર 828 વાળી સંયુક્ત નામે ચાલતી ખેતીની જમીન બળજબરીથી ડરાવી ધમકાવીને ગેરકાયદે કબજો કરી પચાવી પાડી છે. આ લોકો વિરુદ્ધ તડીપાર અને ફોજદારી ગુનાઓ પણ દાખલ થયેલા છે. તેમનું વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા ફરિયાદ આપતા ભીલાડ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## વાપીથી બાંગ્લાદેશી શખ્સ ઝડપાયો

વાપીઃ વલસાડ એસઓજી ટીમે વાપીથી બાંગ્લાદેશીને ઝડપી પાડ્યો હતો. એસઓજી ટીમને મળેલી બાતમી આધારે વાપી જીઆઈડીસીમાંથી વર્ણવેલો શખ્સ મળતા નામઠામ પૂછતા મોહંમદ ફારૂક મીયા હોવાનું જણાવ્યું હતું. તે ત્રણ વર્ષથી મુંબઈના નાલાસોપારામાં રહેતો હતો. પોલીસે પૂછપરછ કરતાં તે બાંગ્લાદેશથી કોલકાતા અને ત્યારબાદ મુંબઈ આવ્યો હતો. તેની પાસે જરૂરી પાસપોર્ટ કે વિઝા કે કોઈ કાયદેસર દસ્તાવેજો ન હતાં. એસઓજી ટીમ દ્વારા તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ફરી તેને બાંગ્લાદેશ પરત મોકલવા માટેની પ્રક્રિયા શરૂ કરી છે.

# દમણમાં રોડ અકસ્માતમાં સુરતના કારચાલકને 2 વર્ષ કેદ

**સાડા** ત્રણ વર્ષ પહેલા કાર ચાલકે સર્જેલા અકસ્માતમાં 2 લોકોના મોત થયાં હતા

દમણ : સંઘપ્રદેશ દમણના રાજીવ ગાંધી સેતુ પુલ પર 24 માર્ચ 2022 ના રોજ રાજસ્થાનના રહેવાસીએ નાની દમણ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવી હતી કે, 13 માર્ચના રોજ તેઓ તેમના 2 મિત્રો સાથે મોટર સાયકલ પર સવાર થઈને રાજીવગાંધી સેતુ પુલ પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે ખોટી દિશાથી આવતી અર્ટિગા કાર નં. GJ-05-RK-6067 ના કાર ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી ગંભીર અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં 35 વર્ષીય ઉમરામ નામના યુવકનું મોત નિપજ્યું હતું. જ્યારે શંકર નામના વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા તે કોમામાં સરી પડ્યો હતો.

દમણ પોલીસે આ મામલે કારના ચાલક સાગર પ્રજાપતિ વિરુદ્ધ આઈ.પી.સી. ની વિવિધ કલમો અને મોટર વ્હિકલ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી હતી. આ મામલે એ.એસ.આઈ. કેશવ સોલંકીએ એપ્રિલ 2022 માં કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ દરમ્યાન કોમામાં સરી પડેલા શંકરનું પણ મોત નિપજ્યું હતું. ત્યારે ટ્રાયલ દરમ્યાન કોર્ટના જજ ઓમકાર જે. કુલકર્ણીએ 10 સાક્ષીઓને સંભાળ્યા બાદ સુરતના પંચવટીમાં રહેતા કારના ચાલક સાગર પ્રજાપતિને બેદરકારીપૂર્વક કાર હંકારવાને લઈને દોષી ઠેરવી 2 વર્ષ જેલની સજા અને મોટર વાહન અધિનિયમ હેઠળ રૂપિયા 6500 નો દંડ ફટકારવાનો હુકમ કર્યો છે.

# હોટલમાં શાકમાંથી કીડો નીકળ્યો

**ફૂડ** વિભાગે વલસાડનાં ગુંદલાવની ફલાહ હોટલના રસોડા અને ખાદ્ય સામગ્રીની સ્વચ્છતા તેમજ ગુણવત્તા બાબતે તપાસ હાથ ધરી

**લોકોના** સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવા બદલ હોટલ ફલાહ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી



વલસાડ : વલસાડ ગુંદલાવ હાઈવે નજીક આવેલી હોટલ ફલાહમાં અખાધ પદાર્થ પીરસવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. ફલાહ હોટલમાં જમવા ગયેલા એક ગ્રાહકે મંગાવેલા પનીરના શાકમાંથી કીડો નીકળતા ભારે હોબાળો મચી ગયો હતો. ગ્રાહક દ્વારા જમવાનો ઓર્ડર અપાયા બાદ, જ્યારે શાક પીરસવામાં આવ્યું ત્યારે તેમાંથી કીડો નીકળતા ગ્રાહકે તાત્કાલિક હોટલ સંચાલકો સમક્ષ આ મામલે ફરિયાદ કરી હતી. આ ઘટનાથી રોષે ભરાયેલા ગ્રાહકે હોટલમાં જ હોબાળો મચાવ્યો હતો અને અન્ય ગ્રાહકોનું પણ ધ્યાન દોર્યું હતું. સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને ગ્રાહકે તાત્કાલિક ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને આ અંગે જાણ કરી હતી. ગ્રાહકની ફરિયાદને આધારે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે ફલાહ હોટલ પર દોડી ગઈ હતી. ફૂડ વિભાગ દ્વારા હોટલના રસોડા અને ખાદ્ય સામગ્રીની સ્વચ્છતા તેમજ ગુણવત્તા બાબતે તપાસ હાથ ધરવામાં આવી હતી. વિભાગ દ્વારા સેમ્પલ લઈને આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવા બદલ હોટલ ફલાહ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### આપણા જીવનમાં શિક્ષણ કરતાં પણ સંસ્કાર મહત્વ નાં : પદ્મદર્શનવિજયજી



સુરત : કુદરતના ખોળે પાંગરેલું પૌરાણિક વીરવાડી હનુમાનજી મંદિરની પાસે આવેલા તપોવન-સંસ્કારધામ નવસારીમાં પૂ. પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે જણાવ્યું હતું કે પૂજ્ય ગુરુમૈયા પંન્યાસપ્રવર ચન્દ્રશેખરવિજયજી મહારાજે તપોવન સંસ્થામાં બાળકોનું સંસ્કરણ કરવા માટે વર્ષો સુધી લોહી-પાણી એક કર્યા હતા. ઘણાં બધા પડકારોને ઝીલીને તપોવનને સમગ્ર વિશ્વ વ્યાપી બનાવવા માટે તેઓશ્રીનું મહત્વનું યોગદાન છે. વિરોધોના વાવાઝોડા વચ્ચે પણ ગુરુમૈયા દીર્ઘદ્રષ્ટા હતા માટે તપોવન માટે પોતાના વિચારોને વળગી રહ્યા માટે આજે પણ આ તપોવન માંથી રાષ્ટ્ર, સંસ્કૃતિ, ધર્મ અને શાસનના મસીહાઓ તૈયાર થઈ રહ્યા છે. તપોવની બાળપુષ્પો સમક્ષ પૂજ્યશ્રીએ વધુમાં કહ્યું હતું કે, શિક્ષણ કરતાં પણ સંસ્કાર એ આપણા જીવનમાં મહત્વનાં છે. બહારનું વાતાવરણ અત્યન્ત ખરાબ છે. તમે બધા ખુબ નસીબદાર છો કે કુદરતી વાતાવરણ વચ્ચે આવું સંસ્કરણ મળી રહ્યું છે. સંસ્કારોનાં વારસાની વિરાસતને સાચવવા માટે તમારે બધાએ ખૂબ એલર્ટ રહેવાનું છે.

### વાપી કોલેજની વિદ્યાર્થિનીની West Zone Pre.RD પરેડ કેમ્પમાં પસંદગી



વાપી : વાપીના ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમારીયા કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સિસ કોલેજના NSS ની સ્વયંસેવકોની West Zone Pre. RD પરેડ કેમ્પ માટે પ્રતિક્ષા કિશોર તાયડે (એસવાયબીકોમ) ની પસંદગી કરવામાં આવી છે. પસંદગી પામેલા NSS સ્વયંસેવકો યુનિવર્સિટી કક્ષાએ અને ત્યારબાદ આંતર યુનિવર્સિટી કક્ષાએ પસંદગી પામી હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે યોજાનાર -રિપબ્લિક ડે પરેડ કેમ્પમાં ભાગ લેશે. ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાંથી સ્વયંસેવકો પસંદગી પામ્યા છે. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી વાપીની કેબીએસ કોલેજના સ્વયંસેવકની પસંદગી થતા કોલેજ પરિવારે આનંદની અને ગૌરવની લાગણી અનુભવી હતી. પ્રોગ્રામ ઓફિસર ડો. ખુશ્બુ દેસાઈ દ્વારા કરાઈ હતી. પ્રિ-રિપબ્લિક ડે પરેડ કેમ્પ માટે પસંદગી પામતા સમગ્ર કોલેજનું નામ રોશન કરવા બદલ કોલેજના આચાર્ય ડો.પૂનમ બી. ચૌહાણ તેમજ ટ્રસ્ટીગણે ભવિષ્યમાં પણ દેશની સેવામાં ભાગીદાર બની ઉજ્જવળ કારકિર્દી માટે વિદ્યાર્થિનીને શુભેચ્છા પાઠવી હતી.

### વલસાડના ડો. દંપતીની ડો.પુત્રીએ અમેરિકામાં રિસર્ચ પેપર રજૂ કર્યું



વલસાડ : વલસાડની ડો. ધ્રુવી કલ્પેશ જોષીએ ન્યૂ ઓર્લીન્સ, અમેરિકા ખાતે યોજાયેલી અમેરિકન હાર્ટ એસોસિએશન (AHA) ની ૨૦૨૫ની વાર્ષિક વૈશ્વિક કોન્ફરન્સમાં પોતાનું રિસર્ચ પેપર રજૂ કરી વલસાડ, સમગ્ર ગુજરાત તથા નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ, અમદાવાદનું ગૌરવ વધાર્યું છે. વિશ્વભરમાં મેડિકલ અને કાર્ડિયોલોજી ક્ષેત્રે AHA કોન્ફરન્સને સૌથી પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક મંચ તરીકે માન આપવામાં આવે છે. આ કોન્ફરન્સમાં પ્રસ્તુતિ આપવી એ દરેક તબીબ માટે એક સપનું સમાન ગણાય છે. ડો. ધ્રુવીએ પોતાની મેડિકલ કારકિર્દીની શરૂઆતમાં જ આ સિદ્ધિ હાંસલ કરી, જે વલસાડ અને ગુજરાત માટે અત્યંત ગૌરવની બાબત છે.ડો. ધ્રુવી, વલસાડના તબીબ દંપતી ડો.કલ્પેશ જોષી અને ડો.ભૈરવી જોષીની પુત્રી છે. તેણે ભવિષ્યમાં કાર્ડિયોલોજી ક્ષેત્રે રિસર્ચને પોતાની કારકિર્દી તરીકે પસંદ કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે.

### વાપી શાકભાજી બજારમાં મારામારીમાં સામાપક્ષ દ્વારા ફરિયાદ

વાપી : વાપી કુંભારવાડ, શિવસાગર રેસીડન્સીમાં રહેતો સુભાષ બુદ્ધિસાગર તિવારીની વાપી ટાઉન શાકભાજી માર્કેટમાં શાકભાજીની દુકાન આવેલી છે. ગત તા.9-11-25 ના રોજ સાંજે મોપેડ લઈને ઘરેથી દુકાને જઈ રહ્યા હતા તે સમયે માર્ગ ઉપર નિતેશ ઉર્ફે લાલુ યાદવે રાખેલો હર્ષ રાજેશ સીંગ લારી લઈને ઉભેલો હતો. જેથી તેઓને હટાવવા જણાવતા નિતેશ આવી ગયો હતો. અને બોલાચાલી કરી હતી. સાંજે તેના દિકરા શ્રીનાથ ઉર્ફે વિવેક અને અમિત તિવારી ઝઘડા બાબતે કહેવા ગયા હતા ત્યારે નિતેશ યાદવ તેનો ભાઈ શૈલેષ યાદવ તથા બીજા બે ઈસમોએ પાઈપ વડે માર્યા હતાં. દિકરાઓને બચાવવા ગયેલા સુભાષ તિવારીને પણ માર્યો હતો. મારામારી કરનારા (1) શૈલેષ રામજીત યાદવ (2) નિતેશ ઉર્ફે લાલુ રામજીત યાદવ, (3) વીકી કૈલાશ તિવારી (તમામ રહે. નામધા) અને (4) હર્ષ રાજેશ સીંગ (રહે. ગીતાનગર) સામે વાપી ટાઉન પોલીસ મથકમાં સુભાષ તિવારીએ ફરિયાદ નોંધાવી હતી.

### આઇ.પી.એલ., સુગર યુનિટની પિલાણ સિઝનની શરૂઆત



વલસાડ : આઇ.પી.એલ., સુગર યુનિટ વલસાડ ખાતે વર્ષ ૨૦૨૫-૨૬ ની શેરડી પિલાણ સિઝનનો મંગળવારે શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં અંદાજીત ૨૩૦૦૦ એકર વાવેતર વિસ્તારની ૫ લાખ ટન શેરડીનું પિલાણનો લક્ષ્યાંક રખાયો છે. દક્ષિણ ગુજરાતનાં ખેડૂતો માટે જીવાદોરી સમાન હોય મોટા પ્રમાણમાં શ્રમજીવીઓને રોજીરોટી પુરી પાડે છે. આ સાથે ૧૮૦ ટ્રક અને ૫૦ જેટલા ટ્રેક્ટર ટ્રેલર કામમાં જોડાતા તેઓને પણ રોજગારી મળી રહશે. વી.ડી.ચૌધરી, મેનેજરે જણાવ્યું કે ખેડૂત ભાઇઓને ૮૦ કિ.મી.ની રેંજનાં ગામોમાં રૂપિયા ૩૦૦૦ પ્રતિ ટન અને ૮૧ કિ.મી. ઉપરના ગામનાં ખેડૂતોને રૂપિયા ૨૮૦૦ પ્રતિ ટન એક મહિનામાં એક જ હપ્તામાં ચુકવવામાં આવશે. જેમાં કોઇ વ્યાજ નહીં કપાય. આઇ.પી.એલ. સુગર યુનિટ દ્વારા ખેડૂતોને કાપણી માટે મજુરો અને વાહતુક માટે ટ્રકની વ્યવસ્થા પુરી પાડવામાં આવશે. આઇ.પી. એલ. વલસાડ સુગર ઉપર વિશ્વાસ રાખીને જોડાયેલા ખેડૂત ભાઇઓનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમમાં હાજર ખેડૂતોએ જણાવ્યું કે, અમારા માટે સારો સમય આવ્યો છે. અમોને આઇ.પી.એલ. ઉપર પુરો ભરોસો છે અને અમો અમારો પુરેપુરો સાથ અને સહકાર આપીશું. આ કાર્યક્રમમાં આઇ.પી.એલ. યુનિટ વલસાડના જીએમ.અરવિંદ દેસવાલ, વલસાડ સુગરના ચેરમેન અરવિંદભાઇ પટેલ, વાઇસ ચેરમેન રમેશભાઇ અને બોર્ડનાં ડાયરેક્ટર્સ, તેમના વલસાડ જિલ્લાનાં ૬૦૦ જેટલા પ્રગતિશીલ ખેડૂતો હાજર રહ્યાં હતાં.